# 3 વે કોર્ડિંગ ફુટ




## આ ટ્યુટોરિયલમાં તમે ઉષા 3 વે કોર્ડિંગ ફુટનો ઉપયોગ કરતા શીખશો.







તેના નામ પ્રમાણે આ ફુટ દ્વારા તમે એકસાથે ત્રણ ફાઈન કોર્ડને ક્યાં તો સીધી રેખા પર અથવા તો સુશોભિત અટપટી ડિઝાઇનને ફોલો કરીને સીવી શકો છો.

સૌપ્રથમ આ ટ્યુટોરિયલ માટે જરૂરી સામાન એકત્રિત કરીએ. તમારે જોઈશે: ઉષા જેનોમ કોર્ડિંગ ફુટ - કોર્ડ સમાન રંગના અથવા અલગ-અલગ રંગના ચાલી શકે છે, સિલાઇ માટેની દોરી - તે પણ સમાન રંગના હોઈ શકે છે અથવા જો તમે કોન્ટ્રાસ્ટ દેખાડવા ઈચ્છતા હોવ તો અલગ રંગોનો ઉપયોગ કરો, અને છેલ્લે પણ મહત્વનું છે ફેબ્રિકનો એક ટુકડો જેના પર તમે તમારું પ્રથમ કોર્ડિંગ કરશો.

કોર્ડને ફેબ્રિકની 4 ગણી લંબાઈ સામે માપો અને કાપી લો. કોર્ડની બીજી બે લંબાઈ માટે પણ આવું કરો. તમે જોઈ શકો છો કે આ ટ્યુટોરિયલ માટે આપણે બે પીળા કોર્ડ અને એક લીલા કોર્ડનો ઉપયોગ કરી રહ્યા છીએ.


આમ તો - તમારે થ્રી વે કોર્ડિંગ ફુટનો ઉપયોગ કરવા માટે હંમેશા 3 કોર્ડ્સનો ઉપયોગ કરવાની જરૂર નથી - તમારી ઈચ્છિત ઈફેક્ટને આધારે તમે એક અથવા બે અથવા ત્રણ કોર્ડ્સનો ઉપયોગ કરી શકો છો.

લીવરનો ઉપયોગ કરીને નોર્મલ પ્રેશર ફુટને રિલીઝ કરો અને પછી થ્રી વે કોર્ડિંગ ફુટ જોડો.










હું ક્લિપ નીચે પહેલો કોર્ડ કેવી રીતે પસાર કરું છું અને તેને પ્રથમ ગ્રુવ નીચે કેવી રીતે દાખલ કરું છું તે પ્રમાણે કરો. તમારે તેને ગ્રુવમાં લઈ જવા માટે તેને એક હળવેથી ઝટકો આપવાની જરૂર પડી શકે છે... બીજા અને ત્રીજા કોર્ડને બીજા અને ત્રીજા ગ્રુવમાં મુકવા માટે આનું પુનરાવર્તન કરો. તપાસો કે તમારી પાસે ત્રણેય કોડ્ર્સ સામાન લંબાઈના છે, ફુટની પાછળ લગભગ બે ઈંચ,... આ રીતે.

હવે આ ફુટ ઉપયોગ કરવા માટે તૈયાર છે... પરંતુ તમે સીવવાનું શરૂ કરો તે પહેલા - તમારું મશીન સેટ કરો - પેટર્ન સિલેક્ટર ડાયલ પર D સ્ટીચ પસંદ કરો અને સ્ટીચ લેન્થ 2 રાખો.

ત્યાર પછી કોર્ડિંગ ફુટ નીચે ફેબ્રિકનો ટુકડો મૂકો અને ફુટને નીચે કરો. શું તેને સીવવા માટે તમે અધીરા બની રહ્યાં છો?? તો હવે સમય છે સિલાઈ શરૂ કરવાનો.

જયારે તમે બીજા છેડે પહોંચો, ત્યારે સહેજ વધારાનો કોર્ડ છોડી દો અને બાકીનાને કાપી લો.આ હતું બેઝિક કોર્ડિંગ - તમે હવે તમારી કોર્ડિંગ પેટર્નને વધુ મહત્વ આપવા માટે ઉપયોગ કરી શકાય તેવા વિવિધ સ્ટીચને એક્સપ્લોર કરવાનું શરુ કરી શકો છો. ચાલો હવે વધુ એક અજમાવીએ.

ડાયલને સ્ટ્રેચ સ્ટિચ અથવા SS માર્કિંગ પર ફેરવો સ્ટીચ D પસંદ કરો.

તમારા ફેબ્રિકને ફુટ નીચે મૂકો અને પહેલાની જેમ સીવવાનું શરૂ કરો, પરંતુ હવે એક અલગ સ્ટીચ વડે.

એકવાર થઈ ગયા પછી, વિસ્તૃત કોડ્ર્સના વધારાના છેડાઓ કાપી લો.

કોર્ડિંગ ગમે તેમાં એક ડિઝાઈન એલિમેન્ટ તરીકે જબરદસ્ત 3D ઈફેક્ટ આપી શકે છે - નેપકિન્સથી લઈને કૂશન કવર અને ગાર્મેન્ટ્સ સુધી - જો તે યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો તે તદ્દન નાટકીય ટેક્સચર ઉમેરે છે. આશા છે કે તમને આ ટ્યુટોરિયલ ગમશે - હવે જાઓ અને તમારી પાસે જેટલા પણ પ્લેઈન કપડાં પડેલા છે તે લઈ આવો અને તેમને શણગારો... જો તમને તમારા કપડાં એવા જ જૂની ઢબના અને મોનોટૉન રાખવા ગમતા હોય - તો તેમને તે જ રંગના કોડ્ર્સ સાથે વધુ ભભકો આપવા કરતાં બીજું કશું પણ વધુ ઉત્તમ ન થઈ શકે - તેની લાવણ્યતા મૂર્તિમંત થઈ જશે. અને કલાકારી જેના હૃદયમાં છે તેઓ એ સુંદર હ્યુસ અને બોલ્ડ કોન્ટ્રાસ્ટ વડે તમારી પોતાની કલાકૃતિની રચના

કરો.સમય છે મજા કરવાનો... હેપી કૉર્ડિંગ!